| GJBK060002022026 | દાખલ તારીખ: | ૨૧/૦૧/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ કર્યા તારીખ: | ૨૧/૦૧/૨૦૨૬ | | |
| | ફેસલ થયા તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | – | ૦૨ | ૦૪ |

---

દિયોદરના મહે.એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,

મું. દિયોદર

---

ક્રિમીનલ કેસ નંબર–૧૭૭/૨૦૨૬

આંક.૧૬

<u>ફરિયાદી</u> :– શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> :– પુરણ સિંહ અનોપસિંહ વાઘેલા

રહે.વાતમ જુના, તા.દિયોદર, જિ.વાવ–થરાદ

તહોમત :– ધી. પ્રોહીબીશન એકટની કલમ ૬૫–એફ મુજબ.

ફરિયાદપક્ષ તરફે –વિ.એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહ્મણ

બચાવપક્ષ તરફે –વિ.વકીલશ્રી બી.કે.પરમાર

---

–: <u>ચુકાદો</u> :–

---

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ, તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ ક.૧૯.૦૦ વાગ્યાના સુમારે પોતાના કબજા ભોગવટા ના રહેણાંક ઘરની આગળના ભાગે આવેલ જમીનમાં દાટેલા પ્લાસિટકના કેરબા નંગ.૧ માં ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશીદારૂ ગાળવાનો વોશ લિ.૨૦ કિ.રૂા.૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસ રેઈડ દરમ્યાન આરોપી ઘરે હાજર ના મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ)** મુજબનો ગુનો અત્રેની અદાલતની હકૂમતમાં કરેલ હોય, સદરહું ફરિયાદીની ફરિયાદના આધારે પી.એસ.ઓ. એ ગુનો નોંધી, તપાસના અં તે ત.ક.અમલદારે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સંમસ બજતાં, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં બી.એન.એસ.એકટની કલમ–૨૩૦ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવતાં આંક–૦૬ થી જુબાનીમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષે આરોપી સામે કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| <u>અ.નં.</u> | <u>પુરાવાની વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| (૧) | પંચ કીરણભાઈ તરસંગજી ઠાકોર | ૦૭ |
| (૨) | પંચ વિક્રમસિંહ બળવંતસિંહ વાઘેલા | ૦૯ |
| (૩) | ફરિયાદી શૈલેષભાઈ કલ્યાણભાઈ | ૧૦ |
| (૩) | ત.ક.નટવરભાઈ મણાભાઈ અ.હે.કો. | ૧૩ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| <u>અ.નં</u>. | <u>દસ્તાવેજની વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| (૧) | પંચનામુ | ૦૮ |
| (૨) | ફરિયાદ | ૧૧ |
| (૩) | સુચિપત્રક | ૧૪ |
| (૪) | રવાનગી પત્રક | ૧૫ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં બી.એન.એસ.એકટની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને આરોપીએ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેમની સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે અત્રેની કોર્ટ દ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ ક.૧૯.૦૦ વાગ્યાના સુમારે પોતાના કબજા ભોગવટા ના રહેણાંક ઘરની આગળના ભાગે આવેલ જમીનમાં દાટેલા પ્લાસિટકના કેરબા નંગ.૧ માં ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશીદારૂ ગાળવાનો વોશ લિ.૨૦ કિ.રૂા.૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસ રેઈડ દરમ્યાન આરોપી ઘરે હાજર ના મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧</u>**

(૮) મુદ્દા નં.૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષના શીરે રહેલ છે. સદરહું

કામે પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્ર ના સિંદ્ધાત અનુસાર આરોપી વિરૂદ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિદોર્ષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી,પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાન લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૦૯) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૦૭ થી પંચ કીરણભાઈ તરસંગજી ઠાકોર તથા આંક.૦૯ પંચ વિક્રમસિંહ બળવંતસિંહ વાઘેલા** પંચસાહેદને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. આ પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત રેકર્ડ પર રજૂ થયેલ છે. આ પંચસાહેદો પંચનામાની વિગતમાં પંચનામામાં શું લખેલું? તે વિશે તેઓ કાંઈ જાણતા નથી કે જણાવતા નથી. પંચસાહેદો માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી. જેથી, તેઓ બંને પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિદ્વાન એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી મેળવી પંચ સાહેદોની ઉલટતપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ

ઉલટતપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર પંચસાહેદો **આંક.૦૮** થી રજૂ પંચનામાને સમર્થન કે અનુમોદન આપેલ ન હોય, સદર પંચસાહેદોની જુબાનીઓ ઉપરથી પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

(૧૦) વધુમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૧૦ થી ફરિયાદી શૈલેષભાઈ કલ્યાણભાઈ** આ.પો.કો નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. આ કામે ફરિયાદીની કોર્ટ રૂબરૂ રજૂ જુબાની વંચાણે લેતાં તેઓએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ આરોપી વિરુદધ પુરાવો આપેલ છે. ત્યારબાદ, બચાવપક્ષે ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. **જે ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે કોઈ ઈસમ હાજર મળી આવેલ નથી. વધુમાં , સ્વીકારે છે કે, મારી હાજરીમાં રેડવાળી જગ્યાની માલિકીના કોઈ આધાર પુરાવા કબજે કરવામાં આવેલ નથી.** આમ, ફરિયાદીની જુબાની તથા રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરિયાદ પક્ષે, બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં તેવા કોઈ જ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી. તેમજ, **રેકર્ડ પર રજૂ ફરિયાદ માં પંચોના નામ સરનામા તથા પેટ્રોલીંગમાં વપરાયેલ વાહનનું વર્ણન તથા બનાવવાળી જગ્યાએ પહોંચવાનો તથા નિકળવાનો સમય જણાવેલ હોય તેવી હકીકત પણ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.** તેમજ આરોપીના પ્રત્યક્ષ કબજા માંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી મહત્વની હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલા છે. તેમજ જે જગ્યાએથી મુદ્દામાલ

કબજે કરેલ તે જગ્યા આરોપીની માલિકની છે તેવો આધાર પુરાવો પણ રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૧) ફરિયાદપક્ષે **આંક–૧૩ થી ત.ક.અમલદાર** નટવરભાઈ મણાભાઈ અ.હે.કો.નાઓને તપાસેલ છે. તેઓ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, બનાવના દિવસે તેઓ ફરિયાદી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે દિયોદર પો.સ્ટે વિસ્તારમાં ફરિયાદીની સાથે પેટ્રોલિંગમાં હતા વધુમાં બાતમી આધારે તેઓની હાજરીમાં આ કામના આરોપીના કબજા ભોગવટાની જગ્યાએ રેઈડ કરતાં પ્રોહી મુદ્દામાલ દેશીદારૂ ગાળવાનો વોશ મળી આવેલ. જે પંચનામાની વિગતે તેઓએ કબજે કરેલ છે. જે સદર બનાવની ફરિયાદી દવારા ફરિયાદ નોંધાવતાં, સદર ગુનાની આગળની તપાસ ડેપ્યુટ હુકમ આધારે તેઓને સોંપતાં તપાસ સંભાળી લઈ સદર મુદ્દામાલનું સેમ્પલ વૈજ્ઞાનિક પરીક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ.માં મોકલી આપેલ જે એફ.એસ.એલ. રવાનગી નોંધ રેકર્ડે રજૂ થયેલ છે. વધુમાં, આ કામના આરોપી વિરુદધ પુરતો પુરાવો મળી આવતાં આરોપી વિરુદધ ચાર્જસીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

વધુમાં, બચાવપક્ષે ઉલટતપાસ કરતાં **ત.ક.અમલદાર** **<u>સ્વીકારી ગયેલ છે કે, બનાવ સ્થળેથી કોઈ ઈસમ હાજર મળી આવેલ નથી. વધુમાં, સ્વીકારેલ છે કે,મુદ્દામાલ પરીક્ષણનો અહેવાલ આવેલ નથી. વધુમાં, સ્વીકારેલ છે કે, મારી તપાસ દરમિયાન રેડવાળી જગ્યાની માલિકીના કોઈ આધાર પુરાવા કબજે કરવામાં આવેલ નથી.</u>** આમ, ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં ત.ક.અમલદાર જેઓ પોલીસ સાહેદ છે અને આરોપીના કબજામાંથી વોશ મળી આવેલાની

તથા તપાસ સંભાળી તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ કર્યાની હકીકતને સમર્થન આપેલ છે, પરંતુ ત.ક.અમલદારની જુબાનીને રજુ પંચ કે કોઈ સ્વતંત્ર સાહેદની જુબાની રજુ થઈ સમર્થન મળી આવેલ નથી. જેથી, ત.ક.અમલદારની જુબાનીથી ફરિયાદપક્ષને સમર્થન મળી આવતું નથી.

(૧૨) આ કામે ફરિયાદીની ફરિયાદ રજુ થયેલ છે તથા ફરિયાદીનો પુરાવો નોંધાયેલ છે, પરંતુ ફરિયાદની હકીકત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચસાહેદોનો પુરાવો નોંધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી. તેથી, રેકર્ડ પર રજૂ પં ચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૩) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન,પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો, આ કામે આરોપીના કબજા માંથી દેશીદારૂ ગાળવાનો વોશ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) ફરિયાદપક્ષના કેસમાં મુદ્દામાલ દેશીદારૂ દારૂ ગાળવાનો વોશ ગેરકાયદેસર અને પાસ પરમીટ વગર મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય, સ્થળ ધ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત

વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. વધુમાં, આરોપી વિરૂઘ્ધ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર મુદૃામાલ દારૂ મળી આવ્યાનો કેસ હોવા છતાં પંચસાહેદોનો પુરાવો જોતાં, ફરિયાદપક્ષ આ કામના આરોપીના કબજામાંથી સદરહુ મુદૃામાલ મળી આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યાએથી મુદૃામાલ મળ્યાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આરોપીના માલીકી અગર તો, કબજા ભોગવટાનું હોવા બાબતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આરોપીની ઓળખ બાબતે પણ શંકા છે. જેથી, મુદૃામાલ ગે.કા. મળી આવવા બાબતે ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ નથી. ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય આવે છે. **આ તબકકે નામદાર વડી અદાલત ઘ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંતો ઘ્યાને લેવા ઘટે કે, જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરના પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોના તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય,** સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ ઘ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, આરોપી સામેના ગુનાનો આક્ષેપ ઘ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નહી હોવાનું અત્રેની અદાલત માને છે તે સંજોગોમાં મુદૃા નં.(૧)નો નિર્ણય નકારમાં

ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–: <u>આખરી હુકમ</u> :–**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી **પુરણસિંહ અનોપસિંહ વાઘેલા** નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫એફ મુજબના સજાને પાત્ર ગુના માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(૧)ની જોગવાઈઓ અન્વયે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ દેશીદારૂ ગાળવાનો વોશ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તા.૨૫/૦૩/૨૦૨૬

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, જી.બનાસકાંઠા.
જજ કોડ નં. જીજે.૦૦૫૭૨